DIVYA BHASKAR - CITY BHASKAR – AHMEDABAD - TUESDAY, 18TH MARCH.2008

# 'કથકમાં ઠુમરી પ્રયોજાય તો ચારણી દોહા કેમ નહીં?'



▌નટરાણી ખાતે શુદ્ધ કથક રજુ કરવાની સાથે શીલા મહેતાએ વિવિધ શાસ્ત્રીય અંગોનું નિદર્શન પણ કર્યું હતું.

**વિદેશોમાં પણ કાર્યક્રમો આપતા શીલા મહેતા કથકમાં મર્યાદા ભંગ ના થાય તેવા ફ્યુઝનના વિરોધી નથી**

**બેલા ઠાકર** | અમદાવાદ

'મોરી ભીગી રેશમ ચુનર, મૈં કૈસે ખેલું હોરી.....' નેપથ્યમાંથી ગવાતા આ રાજસ્થાની ગીત સાથે શીલા મહેતાની નજાકત ભરી મુદ્રાઓ, સુંદર ભાવ અને અદ્‌ભુત ફૂટવર્ક એવા તો ઓતપ્રોત થઈ ગયા હતા કે પ્રેક્ષકો એક રસસમાધિમાં ડૂબી ગયા. તેમની સામે સૂર, તાલ, લય અને ભાવનું ઉત્તમ સંયોજન મેચ થઈ રહ્યું હતું. તેમની સામે હતી એક રાધા, જે તેના વ્હાલા કૃષ્ણને કહેતી હતી કે મૉરા પર હવે કોઈ રંગ ના નાખીશ, કારણ કે હું તો તારા રંગમાં જ રંગાઈ ચૂકી છું. શીલા મહેતાએ જ્યારે કથકમાં આ હોરી નૃત્ય પ્રસ્તુત કર્યું ત્યારે પ્રેક્ષકો આફ્રીન થઈ ગયા.

કોલકાતામાં જન્મેલા ગુજરાતી કલાકાર શીલા મહેતા કથકની દુનિયામાં જાણીતું નામ છે. તાજેતરમાં જ 'નટરાણી' ખાતે તેમના કથક-નૃત્યનો કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં તેમણે પ્યોર, ટ્રેડિશનલ કથક પ્રસ્તુત કર્યું હતું. તોડા, ટુકડા, તિહાઈ, આમદ જેવા શાસ્ત્રીય અંગોની વિસ્તૃત સમજૂતી આપીને તેનું નિદર્શન પણ બતાવ્યું હતું.

'સિટી ભાસ્કર'ને આપેલી ખાસ મુલાકાતમાં તેમણે શાસ્ત્રીય નૃત્ય અને કથકના વિવિધ પાસાં અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. છ વર્ષની ઉંમરથી નૃત્યની તાલીમ લેનાર શીલા મહેતાએ પંડિત વિજય શંકર, પંડિત બિરજુ મહારાજ, શ્રીમતી કલાનિધિ નારાયણ જેવા દિગ્ગજો પાસેથી તાલીમ મેળવી. અમદાવાદમાં કુમુદિનીબહેન લાખિયા પાસેથી પણ તેમણે કથકની વિવિધ ખૂબીઓ અંગે મહારત મેળવી. છેલ્લાં નવ વર્ષથી તેઓ મુંબઈમાં 'નૂપુર ઝંકાર પરફોર્મિંગ આર્ટ્સ એન્ડ રીસર્ચ સેન્ટર' સંસ્થા ચલાવી રહ્યા છે, જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ કથકની તાલીમ મેળવી રહ્યા છે. કોરિયોગ્રાફર અને આર્ટ ડિરેક્ટર શીલા મહેતા દેશના અનેક શહેરો ઉપરાંત જર્મની અને યુ.એસ.માં પણ કાર્યક્રમો આપે છે. તેમને અનેક એવોર્ડ્સ પ્રાપ્ત થઈ ચૂક્યા છે.

હાલ શીલા મહેતા સૌરાષ્ટ્રના ચારણી સાહિત્ય પર સંશોધન કરી રહ્યા છે. તેમની ઈચ્છા ચારણી લોકસાહિત્યને કથકમાં પ્રયોજવાની છે. 'આવો વિચાર આવવા બાબતે સહેજ મલકાઈને તેઓ જણાવે છે, ''દસેક વર્ષ પહેલાં કોલકાતામાં ગુજરાતી સાહિત્ય મંડળના કાર્યક્રમમાં જીતુદાન ગઢવીને સાંભળ્યા હતા. ત્યારે ચારણી ચારણીમાં પણ અનેક છંદો, દોહા વગેરે છે, તેનો ખ્યાલ આવ્યો. જો કથકમાં ઠુમરી પ્રયોજાઈ શકતી હોય તો ચારણી દોહા કેમ નહીં? મેં તેના પર સંશોધન કરીને એક રીસર્ચ પ્રોજેક્ટ તૈયાર કર્યો. જે માટે આ વર્ષે મને સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા સિનિયર ફેલોશિપ એવોર્ડ મળ્યો.''

શાસ્ત્રીય નૃત્યમાં ફ્યુઝન થઈ રહ્યું છે, તે અંગે તેમણે જણાવ્યું કે, એક વાર શાસ્ત્રીય નૃત્ય અંગે પૂરી સમજ કેળવાઈ જાય અને તેના ફોર્મ પર કાબૂ પ્રાપ્ત થઈ જાય પછી તેમાં શાસ્ત્રીય, નૃત્યની મર્યાદા ભંગ ન થાય તે રીતે નવીન પ્રયોગો કરવા કે ફ્યુઝન કરવું તેમાં કશું અયોગ્ય નથી. શાસ્ત્રીય નૃત્ય શીખીને શો લાભ? એવું પુછનારાને તેઓ જણાવે છે કે, શાસ્ત્રીય નૃત્ય એ ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ કરે છે જે સ્કૂલના શિક્ષણથી નથી થતો. તેનાથી તો માત્ર બૌદ્ધિક વિકાસ થાય છે. કલા એ તમને એક ખૂબ ઊંચા સ્તર પર લઈ જાય છે. એવો આનંદ મળે છે, જેને શબ્દોમાં વર્ણવવો મુશ્કેલ છે. મારે મન નૃત્ય એ આવા પરમ આનંદની ઉપલબ્ધિનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.''